# ‘રામરક્ષાસ્તોત્ર’ માનવી પ્રકૃતિ, આંતર- બાહ્ય અવયવોની સુરક્ષા માટેનો રામબાણ ઉપાય

ધર્મ દર્શન

બાળકૃષ્ણ વડનેરે

શ્રી વિષ્ણુ ભગવાનનો સાતમો માનવી અવતાર એટલે અયોધ્યાનરેશ ‘શ્રીરામ’, માનવ યોનિમાં આવીને શ્રીરામે માનવજાતિને અનેક સદ્‌ગુણો પ્રદાન કર્યા છે. મનુષ્ય જીવન જીવવાની પદ્ધતિ શિખવાડી છે. આજ્ઞાંકિતતા, માતાપિતા પ્રત્યેનું કર્તવ્ય, બંધુપ્રેમ, વાણીની મહત્તા, ગુરુદેવ પ્રત્યેનો આદર, રાજનીતિ, સત્તાનો સાર્થ ઉપયોગ, પ્રજાદક્ષતા અને નિર્મળ, સ્વચ્છ, સત્યમય, નિરાભિમાની જીવન, નૈતિકતા, આહાર, વિહાર અને વ્યવહારમાં સત્ય, સંયમ સંતોષની ત્રિપુરી.

એટલે શ્રીરામના જીવન દર્શનને જોઈને અનેક ગ્રંથ ઉપલબ્ધ થયા. તેમાં શ્રી બુધ કૌશિક ઋષિએ ‘રામરક્ષાસ્તોત્રમંત્ર’ની રચના કરી રચના કરી છે જે આ યુગના માનવી માટે અત્યંત જીવનાવશ્યક છે. રામરક્ષામંત્ર વાંચનથી, મુખોદગત કરવાથી, ચિંતન, મનન કરવાથી માનવ માનસિક અને શારીરિક રીતે બળવાન બને છે. આજના આ વૈજ્ઞાનિક યુગમાં અને પર્યાવરણની અનિયમિત સ્થિતિમાં મનુષ્યજીવન દુઃખદાયક અને રોગોનું ઘર બન્યું છે. મનુષ્ય સદા સુખી, આરોગ્યપૂર્ણ અને આંતર-બાહ્ય સર્વ અવયવોથી તાકતવર રહે તે માટે ઋષિવર્ય બુધ કૌશિક મહારાજે રામરક્ષાસ્તોત્રની રચના કરીને માનવો પર ઉપકાર કર્યો છે.

રામરક્ષાસ્તોત્રમાં 38 શ્લોકમંત્રો છે. જે માનવજીવનને લાભકારક અને ઉપયોગી છે. જેનું અર્થ સાથે આ નિરુપણ છે. આપણા સનાતન ધાર્મિક પરંપરાગત મનુષ્યે નિત્ય કર્મમાં દેવસ્વરૂપનું ધ્યાન, સ્તોત્ર પઠન કરવાથી ઉત્તમ સંસ્કાર ઉત્પન્ન થતા હોય છે. એમાં રામરક્ષાસ્તોત્ર મુખ્ય સ્તોત્ર કહેવાય છે. તેનું પઠન આબાલવૃદ્ધ નરનારીએ કરવાનું શ્રેય લેવાનું છે. આ સ્તોત્રમાં માનવશરીરના મસ્તકથી લઈને પગ સુધીનાં બધાં જ અવયવોનું રક્ષણ શ્રી રામ કરે એવી પ્રાર્થના કરવામાં આવી છે. તેથી મનુષ્યના આંતર-બાહ્ય બધાં જ અવયવો પીડામુકત રહે છે અને મનુષ્યજીવન સુરક્ષિત બને છે. આ રામરક્ષાસ્તોત્ર આનંદરામાયણના જન્મકાંડમાં જોવા મળે છે.

પરિવારમાં સર્વ સભ્યો શરીર અને મનથી આરોગ્યપૂર્ણ રહે એ માટે જ આ રામરક્ષાસ્તોત્રનો પરિચય કરાવ્યો છે. બાળકો આનંદથી સ્તોત્ર બોલશે અને સ્મરણ કરશે. રોજ સાંજે દીવાબત્તીના સમયે રામરક્ષા, પરિવાર સભ્યો એક સાથે બોલે એવો નિયમ કરે. શ્રી રામપ્રભુ બધાંને સ્તોત્રપાઠનો આનંદ આપે. હવે સ્તોત્ર મંત્ર અને અર્થ



એમ લખાણ કર્યું છે. બધાંએ લાભ લેવો.

સાર્થ રામરક્ષાઃ શ્રી ગણેશાય નમઃ|

અસ્ય શ્રી રામરક્ષાસ્તોત્ર મન્ત્રસ્ય | બુધ કૌશિક ઋષિ

શ્રી રામચંદ્રો દેવતા| અનુષ્ટુપ છન્દઃ|

સીતા શક્તિઃ |

શ્રીમદહનુમાન્ કીલકમ |

શ્રીરામચન્દ્રપ્રીત્યર્થે જપે વિનિયોગઃ |

અર્થઃ શ્રી બુદ્ધ કૌશિક ઋષિ રચિત આ રામરક્ષામંત્રસ્તોત્ર છે અને દેવતા શ્રીરામચંદ્ર છે તથા છંદ અનુષ્ટુપ છે અને શક્તિ સીતામાઈ છે. વિનિયોગ શ્રી રામચંદ્ર ભગવાનના નામજપ માટે છે.

અથ ધ્યાનમ્ | ધ્યાયેદાજાનુબાહુ ધૃતશરધનુષં| બદ્ધપદ્માસનસ્થં| પીતં વાસો વસાનં નવકમલદલસ્પર્ધિનેત્રં પ્રસન્નમ| વામાંકા સીતા મુખકમલમિલ્લોચનં. નીરદાભં નાનાલંકાર દીપ્તં દઘત મુરુજયામંડલં રામચંદ્રમ્ |ઈતિ-ધ્યાનમ||

અર્થ- જે અજાનબાહુ (ઘૂંટણ સુધી જેના હાથ છે) જેના હાથમાં ધનુષ્ય બાણ છે અને પદ્માસન સ્થિતિમાં બેઠા છે. પીળા રંગનું પીતાંબર પહેર્યું છે. જેના નેત્રો પુલકિત કમળની કળી જેવા સુંદર છે. જે પ્રસન્ન મુદ્રામાં છે અને ડાબી બાજુ બેઠેલા સીતાજીના મુખકમલ તરફ જેમની દૃષ્ટિ છે તથા પાણીથી ભરેલ વાદળોની જેમ નીલ વર્ણીય જેમની કાંતિ છે અને જે અનેક આભૂષણોથી સુશોભિત છે. જેમનું જટાભારમંડલ મોટું છે એવા પ્રભુ રામનું

> આ સ્તોત્રમાં માનવશરીરના મસ્તકથી લઈને પગ સુધીનાં બધાં જ અવયવોનું રક્ષણ શ્રી રામ કરે એવી પ્રાર્થના કરવામાં આવી છે તેથી મનુષ્યના આંતર-બાહ્ય બધાં જ અવયવો પીડામુકત રહે છે અને મનુષ્યજીવન સુરક્ષિત બને છે. આ રામરક્ષાસ્તોત્ર આનંદરામાયણના જન્મકાંડમાં જોવા મળે છે

ધ્યાન ધરું છું.

અહીં શ્રીરામચંદ્ર પ્રભુના ધ્યાન સ્વરૂપનું વર્ણન છે.

ચરિતં રઘુનાથસ્ય શતકોટિપ્રવિસ્તરમ|
આ એકૈકમક્ષરં પૂંસાં મહાપાતક નાશનમ્.

અર્થઃ પ્રભુ રામનું ચરિત્ર એકસો કોટિ શ્લોક જેવું વિસ્તૃત છે. અને તેમાંનો એક એક અક્ષર પણ મહાનપાપનો નાશ કરનારો છે.

ધ્યાત્વા નીલોત્પલ શ્યામં રામંરાજીવલોચનમ્ |
જાનકી લક્ષ્મણોપેતં જટામુકુટમંડિતમ્ ||
સાસિતૂણધનુબાર્ણપાણિં નકતંચરાન્તકમ|
સ્વલીલયા જગતત્રાતુમાવિર્ભુત મજં વિભુમ ||

અર્થઃ જેમનો નીલકમળ જેવો રંગ છે. કમળસમ મોટા અને પ્રફુલ્લ જેના નેત્રો છે અને સાંનિધ્યમાં સીતાજી અને બંધુ લક્ષ્મણ છે.

જટાભારના મુગટથી જે સુશોભિત છે. હાથમાં તલવાર, પીઠ પર ધનુષ્ય અને બાણોનો જથ્થો છે, જે રાક્ષસોનો નાશ કરનારો છે. જન્માદિત વ્યાપક છે. છતાં એ વિશ્વનું રક્ષણ કરવા માટે માનવ યોનિમાં આવ્યા છે. એવા પ્રભુને સ્મરીને, પાતકોનું નાશ કરનારા અને કામનાપૂર્તિ કરનારા રામરક્ષાસ્તોત્રનું સુજ્ઞ માનવે અવશ્ય પઠન કરવું જોઈએ.

(ક્રમશઃ)

# કુળદેવી, ગ્રામદેવી, સ્થાનદેવી આદિ લઘુદેવો અને દેવીઓને પશુબલિ અર્પણ થાય છે

મહાભારતનું મનોરૂપ

ભાણદેવ

‘તો પણ કહો તો ખરા.’

‘હા, કહો!’

‘હવેનો કાર્યક્રમ છે - બલિદાન!’

‘એટલે કે પશુબલિ થશે!’

‘હા, પશુબલિ થશે, વસ્તુતઃ પશુબલિ નહીં; પરંતુ પશુઓનાં બલિદાન!’

‘?’

‘એટલે હવે અહીં અગિયાર પશુઓનું બલિદાન આપવામાં આવશે.’

‘ભલે, તો આપણે હવે નીકળીએ.’


ચાલી. અમે કોથીથી રિક્યાંગ-પિયો જવા માટે નીકળ્યા. રસ્તામાં વાત કરવાનો મેં જ પ્રારંભ કર્યો.

‘આ પશુબલિ શું છે?’

‘દેવી અન્નનું નહીં; પરંતુ પ્રાણનું ભક્ષણ કરે છે. બલિદાન આપતી વખતે બલિપશુનું સ્નાન, પૂજન આદિ વિધિ થાય છે. જ્યારે પશુબલિની ક્ષણ આવે ત્યારે પશુનું મસ્તક કાપી નાખવામાં આવે છે. આ વખતે પશુના શરીરમાંથી ઘણો પ્રાણ બહાર આવે છે. દેવ-દેવી આ પ્રાણનું ભક્ષણ કરે છે. પશુબલિની પ્રથા પાછળ આ રહસ્ય સંતાયેલું છે.’

‘શું બધા જ દેવોને બલિ અર્પણ થાય છે.’

‘ના, ના, બિલકુલ નહીં. ભગવાન બદરીનાથ કે ભગવાન બુદ્ધને પશુબલિ અર્પણ ન જ થાય. તેમને



તો ખીરનું નૈવેદ્ય ચડે છે.’‘તો કયા દેવોને પશુબલિ અર્પણ થાય છે?’ ‘કુળદેવી, ગ્રામદેવી, સ્થાનદેવી આદિ લઘુદેવો અને દેવીઓને પશુબલિ અર્પણ થાય છે.’ ‘પશુબલિનો પ્રારંભ કેવી રીતે થયો?’

> જે પ્રજા માંસાહારી છે, તે પ્રજા પોતાનાં દેવ-દેવીઓને પશુબલિ અર્પણ કરે છેઃ પરંતુ જે પ્રજા પોતે જ શાકાહારી છે. તે પ્રજા પોતાનાં દેવ-દેવીને પશુબલિ અર્પણ ન જ કરે, તે સ્વાભાવિક છે!

‘દેહને તેવું દેવને! તદનુસાર માનવી જેનું ભક્ષણ કરે છે, તે જ પદાર્થ દેવ-દેવીને પણ અર્પણ કરે છે. અહીંની પ્રજા માંસાહારી છે.

જે પ્રજા માંસાહારી છે, તે પ્રજા પોતાનાં દેવ-દેવીઓને પશુબલિ અર્પણ કરે છેઃ પરંતુ જે પ્રજા પોતે જ શાકાહારી છે.

તે પ્રજા પોતાનાં દેવ-દેવીને પશુબલિ અર્પણ ન જ કરે, તે સ્વાભાવિક છે!’ અમારી વાતો તો ચાલુ જ છે, આ વાતો ચાલુ જ રહી હોત; પરંતુ અમે રિક્યાંગ પહોંચી ગયા અને અમારી યાત્રા અને અમારો સત્સંગ, બંને સંપન્ન થયાં.